જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૬/૦૭/૨૦૧૮ શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૭૪/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૨૨ કેસ કરી, ૧૦૦ વ્યક્તિઓને ઝડપી, ૧૦૧૨ લીટર દેશી દારૂ, ૩૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૪ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૭૧ બીયરટીન, ૦૨ સ્કુટર અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૭૫/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડી અને વિશ્વાસઘાત :-** **સમાચાર યાદી નં.૧૨૭૬/૧૮**

**પાલડીઃ** અખલાકઅહેમદ હાફીજફજલેઅહેમદ તુર્ક (ઉ.વ.૪૨) (રહે. ગામ-પીપલીયા જટ પોસ્ટઃ મોજખેડા તા.સ્વાર જી.રામપુર યુ.પી.) એ તા.૫/૭/૧૮ નારોજ **પાલડી** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૫/૧૮ કલાક ૧૦/૦૦ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી જીગ્નેશ ઉર્ફે રાજકુમાર વિનયચંન્દ્ર શાહ (રહે. નવજીવન એપાર્ટમેન્ટ જેઠાભાઇ પાર્ક પાલડી) એ અખલાકઅહેમદ તુર્ક ની ઓફિસ (ગામ-ઝગડપુરી બાજપુરા રોડ તા.ગદરપુર જી.ઉધમસિંગનગર ઉતરાખંડ) ખાતે એમ.એસ.મહાલક્ષ્મી સીડસ એન્ડ રાઇસ મીલ્સ માંથી સરબતી ચોખા ૨૪૦ કિંવન્ટલ કિંમત રૂપિયા ૧૧,૦૬,૬૪૦/-, કામન ચોખા ૨૧૦ કિંવન્ટલ કિંમત રૂપિયા ૬,૫૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૭,૫૭,૬૪૦/- ખરીદી કરી આજ્દીન સુધી રૂપિયા નહી ચુકવી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

**નારણપુરા : જશુભાઈ હિરાભાઈ પટેલ (ઉ.વ.૫૧) (રહે,વૃદાવનપાર્ક સોસાયટી આદિનાથનગર પાછળ ઓઢવ)** એ તા.૫/૭/૧૮ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૭/૨૦૧૬ થી તા.૨૪/૪/૨૦૧૭ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી સલીમખાન મેહબુબખાન શાહમીદા (રહે, ફજલ રહેમાન સોસાયટી વિશાલા હોટલની સામે સરખેજ રોડ જુહાપુરા) તથા નારણપુરા બ્રાન્ચ એકસીસ બેન્ક ના કર્મચારીએ ભેગામળી જશુભાઇના ઓળખકાર્ડના ડોકયુમેન્ટ ની ઝેરોક્ષ પર, જશુભાઇના નામ થી ખોટી રીતે ઓપનીંગ ફ્રોર્મ ભરી, તે ફ્રોર્મ મા જશુભાઇના નામની બોગસ સહીઓ કરી, બેંકમાંથી જશુભાઇ નામની ચેકબુક મેળવી એક ચેક ના રૂપીયા ૧૩,૧૯,૮૦૦/- મળી કુલ રૂપીયા ૬૫,૯૯,૦૦૦/- ના પાંચ ચેકો ઉપર જશુભાઇ ના નામથી ખોટી સહીઓ કરી તે ચેકો માલીક બડામીયા હુસેનમીયા સૈયદ અને પરિવારજનો ને આપી, જશુભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.આર.પટેલ ચલાવે છે.

**એલીસબ્રીજ : જયેશભાઈ શાંતીલાલ શેઠ (ઉ.વ.૫૯)(રહે,રૂચીક એપાર્ટમેન્ટ, કલ્યાણ જવેલર્સ પાસે, આંબાવાડી)**એ તા.૫/૭/૧૮ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે **તા.૦૪/૦૧/૨૦૧૫ થી મે/૨૦૧૫ દરમ્યાન આરોપી (૧) પ્રિતીબેન વસંતભાઈ દોશી (રહે,સાગર એપાર્ટમેન્ટ નવા વાડજ) અને (૨) ધર્મેશભાઈ રમેશચંદ્ર શાહ (રહે,કામેશ્ર્વર પાર્ક, મહાદેવનગર, વસ્ત્રાલ) ભેગામળી જયેશભાઇના ઘરમાંથી તેમની જાણ બહાર ઇન્ડિયન બેંકના ચેકો, સહીવાળા તથા સહી વગરના તથા રકમ તારીખ લખેલા અને લખ્યા વગરના મેળવી લઇ કુલ રૂપીયા ૭,૪૦,૫૦૦/- ઉપાડી લઇ જયેશભાઇ સાથે** વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી **પી.ડી.પરમાર** ચલાવે છે.

<u>ઘરફોડ :-</u> **<u>સમાચાર યાદી નં.૧૨૭૭/૧૮</u>**

**ઇસનપુરઃ** સમીર મનુભાઇ ચૌધરી (રહે. ઓરમ સ્કાય ફ્લેટ સાયન્સ સીટી રોડ સોલા) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૭/૧૮ રાતના ૧૦/૦૦ થી તા.૫/૭/૧૮ કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન ઇસનપુર દેવભુમીની બાજુમા આદર્શ ટેનામેન્ટ રૂષભ હોમ્સ ખાતે રહેતા સમીર ચૌધરીના માતાના ઘરના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી લાકડા તથા લોખંડની તિજોરીના તાળા તોડી સોનાનો સેટ કિમત રૂપિયા ૫૦,૦૦૦/-, સોનાની કંઠી કિમત રૂપિયા ૧૫,૦૦૦/-, સોનાનો દોરો કિમત રૂપિયા ૧૫,૦૦૦/-, સોનાની બુટ્ટી કિમત રૂપિયા ૩૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.જી.માથુકીયા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૨૭૮/૧૮**

**શહેરકોટડાઃ** રાજેશભાઇ ગણેશભાઇ મધોડકર (ઉ.વ.૪૮) (રહે. મહાવીર સ્મૃતિ સોસાયટી પાર્શ્વનાથ ટાઉનશીપ ખોડીયાર માતાના મંદીર પાસે નરોડા રોડ) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે રાજેશભાઇના પિતા ગણેશભાઇ મધોડકર તા.૪/૭/૧૮ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે નરોડા રોડ આનંદ એસ્ટેટ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ગણેશભાઇ મધોડકર ને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આઈ.ચૌધરી ચલાવે છે.

**કરંટ લાગતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૨૭૯/૧૮**

**ગાયકવાડ હવેલીઃ** ભુપેન્દ્રભાઇ પ્રકાશકુમાર સેવક (ઉ.વ.૨૨) (રહે. કૃષ્ણધામ ઔડાના મકાનમાં વેજલપુર) તા.૫/૭/૧૮ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે જમાલપુર જગન્નાથ મંદિરમાં એ.સી. રિપીરીંગ કરતી વખતે વિજ કરંટ લાગતા સારવાર માટે વા.સા.હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ શ્રી બી.એ.ચાવડા ચલાવે છે.

**પડી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૨૮૦/૧૮**

**નારોલઃ** રાજન જગદેવ ગોડ (ઉ.વ.૧૯) (રહે. સૈજપુર ગોપાલપુર ગામ નારોલ) તા.૫/૭/૧૮ રાતના ૧/૩૦ વાગ્યાના સુમારે ચીરીપાલ કંપનીમાં કામ કરતા હતા દરમ્યાન પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલ લઇ જતા ફરજ પરના ડૉ.શ્રીએ કલાક ૨/૦૦ વાગે મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રકાશભાઇ ખીમજીભાઇ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૨૮૧/૧૮**

**ચાંદખેડાઃ** યોગેશભાઇ જમનાદાસ ચુડાસમા (ઉ.વ.૫૪) (રહે. પ્રહલાદ પાર્ક સોસાયટી હાઇવે મોલ પાસે ચાંદખેડા) એ ગંભીર બિમારીથી કંટાળી તા.૫/૭/૧૮ બપોરના ૧/૪૫ વાગ્યા પહેલા પોતાની જાતે પાતાના હાથ ઉપર બ્લેડ વડે હાથની નસ કાપતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલ લઈ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ જયંતીભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.